# ખેડા જિલ્લામાં ફૂડ વિભાગે ૪૧૫ સેમ્પલ લીધા પણ લેબના રિપોર્ટ ૮ મહિના વિલંબિત

**તંત્રની** લાલિયાવાડીના કારણે લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા તત્વો સામે કડક કાર્યવાહી ખોરંભે ચઢી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૬

ખેડા જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા જાન્યુઆરી ૨૦૨૫ થી અત્યાર સુધીમાં જુદા જુદા વિસ્તારોમાંથી ૪૧૫ જેટલા ખાદ્ય પદાર્થોના સેમ્પલ લેવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવતું હોવા છતાં રાજ્યની લેબોરેટરીમાંથી રિપોર્ટ આવવામાં મહિનાઓનો સમય લાગી રહ્યો છે. આ ભારે વિલંબના કારણે ભેળસેળ કરતા વેપારીઓ સામે સમયસર કાયદાકીય પગલાં ભરવામાં તંત્ર વામણું પુરવાર થઈ રહ્યું છે.

ખેડા જિલ્લામાં લોકોના આરોગ્ય સાથે ચેડાં થતા અટકાવવા માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સતત ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. વિભાગની ટીમો દ્વારા જાન્યુઆરી ૨૦૨૫ થી શરૂ કરીને અત્યાર સુધીના સમયગાળા દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ફરીને ૪૧૫ ખાદ્ય પદાર્થોના નમૂના એકત્રિત કરવામાં આવ્યા છે. જોકે આ કામગીરીનું કોઈ નક્કર પરિણામ મળતું નથી કારણ કે ગુજરાત રાજ્યની ફૂડ લેબોરેટરીમાંથી આ સેમ્પલના રિપોર્ટ આવવામાં વ્યાપક વિલંબ થઈ રહ્યો છે. રિપોર્ટ ૬ થી ૮ મહિના જેટલા મોડા આવતા હોવાથી આરોગ્ય સાથે ચેડાં કરતા દોષિતો સામે સમયસર કડક પગલાં લઈ શકાતા નથી અને તેઓને બચવા માટેનો પૂરતો સમય મળી જાય છે. જોકે છેલ્લા ૧૫ દિવસના ટૂંકા ગાળામાં જ ટીમો દ્વારા વ્યાપક તપાસ કરીને ૧૩ સર્વિલન્સ સેમ્પલ લેવાયા છે અને ૭૦ થી ૮૦ જેટલા સ્પોટ ટેસ્ટિંગ સ્થળ પર જ કરવામાં આવ્યા છે. બિનઆરોગ્યપ્રદ ખાદ્ય સામગ્રી માલૂમ પડે તો તત્કાલ તેનો નાશ કરવામાં આવે છે.

જિલ્લાના અંતરિયાળ વિસ્તારો સુધી તપાસનો વ્યાપ વધારવા માટે ફૂડ ટેસ્ટિંગ વાહનનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ વિશેષ વાહન મારફતે જિલ્લાના દરેક તાલુકામાં નિયમિત રીતે કામગીરી કરીને અધિકારીઓ ઓન ધ સ્પોટ આધુનિક કીટની મદદથી ટેસ્ટીંગ પ્રક્રિયા પૂર્ણ કરે છે. ખાદ્ય પદાર્થ ગુણવત્તાયુક્ત છે કે ભેળસેળયુક્ત તેનો ટેસ્ટ ગણતરીની મિનિટોમાં જ થઈ જાય છે. ફૂડ વિભાગ દ્વારા આ ટેસ્ટીંગ વાહનનો ઉપયોગ કરીને અત્યાર સુધીમાં ૧૩૦૦ જેટલા સ્થળ પર જ રેકોર્ડબ્રેક ટેસ્ટ કરવામાં આવ્યા છે.

### તહેવારો અને મેળાઓ દરમિયાન સેમ્પલ લેવાયા

જિલ્લામાં યોજાયેલા વિવિધ ઉત્સવો અને વિશેષ ડ્રાઇવમાં ફૂડ વિભાગે ખાસ આયોજન કર્યું હતું. સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરના મેળા દરમિયાન ૩૫ ફોર્મલ સેમ્પલ અને અન્ય મેળાઓમાં ૧૨ ફોર્મલ સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઉત્તરાયણના તહેવાર વખતે ૧૮ ફોર્મલ અને અન્ય ૧૮ વીજ સેમ્પલ લેવાયા હતા. બજારમાં નકલી પનીરનું દૂષણ અટકાવવા ખાસ પનીર ડ્રાઇવ યોજીને ૧૨ સેમ્પલ મેળવાયા હતા.

## ચરોતરમાં શનૈશ્વર જયંતિની ભક્તિમય ઉજવણી રોકડિયા હનુમાન દાદાનો દિવ્ય શણગાર કરાયો





ચરોતર પંથકમાં શનૈશ્વર જયંતિની ભક્તિમય માહોલ વચ્ચે ઉજવણી કરવામાં આવી હતી. શનિવાર અને શનિવારી અમાસના શુભ સંયોગે મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના, આરતી અને ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. સાથે જ હનુમાન દાદાને દિવ્ય શણગાર કરવામાં આવતા શ્રદ્ધાળુઓમાં વિશેષ આકર્ષણ જોવા મળ્યું હતું. મોટી સંખ્યામાં ભક્તોએ દર્શનનો લાભ લઈ શનૈશ્વર જયંતિ, શનિવારી અમાસના સંયોગ સાથે હનુમાનજીના આશીર્વાદ મેળવી આધ્યાત્મિક ધન્યતાનો અનુભવ કર્યો હતો.

# નડિયાદના એટ્રોસિટી કેસમાં જામીનમંજૂરીનો આદેશ યથાવત

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૬

નડિયાદ મહાનગરપાલિકામાં પ્રજાકીય પ્રશ્નોની રજૂઆત સમયે થયેલા ઉગ્ર ઘર્ષણ મામલે નોંધાયેલા એટ્રોસિટી કેસમાં આરોપીઓને હાઈકોર્ટે આપેલી વચગાળાની રાહત સામે ફરિયાદી પક્ષે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. જોકે સર્વોચ્ચ અદાલતે આદેશ માત્ર વચગાળાનો હોવાનું નોંધીને પિટિશન ફગાવી દીધી છે અને હાઈકોર્ટના આદેશને યથાવત રાખ્યો છે.

શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ અને પૂર્વ કાઉન્સિલર ગોકુલ શાહ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન મેળવવા માટે અરજી કરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટમાં આ કેસની વિસ્તૃત સુનાવણી હાથ ધરવામાં આવ્યા બાદ અદાલતે બંને અગ્રણીઓના વચગાળાના આગોતરા જામીન મંજૂર કરવાનો હુકમ કર્યો હતો. ગુજરાત હાઈકોર્ટના આ વચગાળાના આદેશથી અસંમત થઈને ફરિયાદી પક્ષ દ્વારા સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન દાખલ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ કે વી વિશ્વનાથન અને જસ્ટિસ નવેમ્બરાઈકપમ કોટીશ્વર સિંહની ખંડપીઠ સમક્ષ આ મામલે સુનાવણી હાથ ધરાઈ હતી. બંને પક્ષોની કાનૂની દલીલો સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટની ખંડપીઠે જણાવ્યું હતું કે ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલો આદેશ માત્ર એક વચગાળાની વ્યવસ્થા છે. આ એક વચગાળાનો આદેશ હોવાથી સર્વોચ્ચ અદાલત આ તબક્કે તેમાં કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ કરવા ઈચ્છતી નથી તેવું નોંધીને સ્પેશિયલ લીવ પિટિશનને આખરી રૂપે ફગાવી દીધી હતી.

### મહેમદાવાદમાં પોલીસ સ્ટેશન સામે જ ગૌમાતાના જીવ જોખમમાં મુકાયાં ?

# મહેમદાવાદમાં પ્લાસ્ટિક આરોગતી ગાયોના દ્રશ્યોથી ગૌભક્તોમાં ચિંતા

**મહેમદાવાદમાં તંત્રની** ઘોર બેદરકારીથી ગાયો પ્લાસ્ટિક ખાવા મજબૂર



(પ્રતિનિધિ) મહેમદાવાદ તા.૧૬

ખેડા જિલ્લાના મહેમદાવાદ શહેરમાં એક અત્યંત ચિંતાજનક અને હૃદયદ્રાવક દ્રશ્ય સામે આવ્યું છે. જ્યાં શાસન અને સુરક્ષાના પ્રતીક સમાન પોલીસ સ્ટેશનની બિલકુલ સામે જ ગૌમાતા પ્લાસ્ટિક ખાતી જોવા મળી હતી. આ ઘટનાએ સ્થાનિક નગરપાલિકાની કામગીરી અને શહેરમાં ફેલાયેલી પ્લાસ્ટિકની ગંદકી સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મહેમદાવાદ ગામમાં પ્લાસ્ટિકના પ્રદૂષણની સમસ્યા એટલી હદે વકરી છે કે અબોલ પશુઓના જીવ પર જોખમ તોળાઈ રહ્યું છે. આશ્ચર્યની વાત તો એ છે કે, મહેમદાવાદ પોલીસ સ્ટેશન સામે જ ગાયો પ્લાસ્ટિકનો કચરો ખાતી નજરે પડી હતી.

સ્થાનિકોમાં ચર્ચા છે કે એક તરફ ગૌરક્ષણની વાતો કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ વહીવટી તંત્રની નાકની નીચે જ ગૌમાતા ઝેરી પ્લાસ્ટિક ખાવા મજબૂર બની છે. જો સમય રહેતા આ રખડતા ઢોર માટે ઘાસચારાની વ્યવસ્થા અને પ્લાસ્ટિકના કચરાનો યોગ્ય નિકાલ કરવામાં નહીં આવે, તો ગૌમાતાના સ્વાસ્થ્ય પર મોટી આફત આવી શકે છે. આ ઘટનાને પગલે ગૌપ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને તંત્ર વહેલી તકે જાગે તેવી માંગ ઉઠી રહી છે.

# નાવલી પાસે દારૂડિયા સ્વીફ્ટ કારચાલકે બુલેટને ઉડાવ્યું

**રોંગ** સાઈડમાંથી કાળ બનીને ટકરાઇ સ્વીફ્ટ

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૬

બોરસદ તાલુકાના નાપા તળપદ ખાતે રહેતા અતુલકુમાર કનુભાઈ પરમાર (ઉં.વ.૨૬) ના મામા કાભઈભાઈ રાઠોડ (રહે. વહેરાખાડી) નું એક્સિડન્ટ થયું હોવાના સમાચાર મળ્યા હતા. આથી ગત રાત્રે આશરે પોણા નવ વાગ્યે અતુલકુમાર, તેમનો નાનો ભાઈ વિપુલ અને તેમના કાકાનો દીકરો અર્પણ અશોકભાઈ પરમાર (ઉં.વ.૨૪) ત્રણેય જણા બુલેટ લઈને મામાની ખબર કાઢવા નીકળ્યા હતા. બુલેટ અર્પણ ચલાવતો હતો.

જે દરમિયાન તેઓ અંધારીયા નાવલી ચોકડી પાસે લાકડાના પીઠા નજીક પહોંચ્યા, ત્યારે અંધારીયા ચોકડી તરફથી એક સ્વીફ્ટ કાર જીજે-૦૬-એફકે-૬૭૦૭ ના ચાલકે પોતાની ગાડી રોંગ સાઈડમાં, પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી બુલેટને સામેથી સીધી ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ત્રણેય ભાઈઓ રોડ પર ફંગોળાઈ ગયા હતા. આ અકસ્માતમાં ૨૪ વર્ષીય અર્પણ પરમારને માથાના પાછળના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ ના તબીબે તેને સ્થળ પર જ મૃત જાહેર કર્યો હતો. જ્યારે અતુલ અને વિપુલને નાની મોટી ઈજાઓ થઈ હતી.સમગ્ર મામલે આણંદ રૂરલ પોલીસે અકસ્માત કરનાર નશામાં ધુત કાર ચાલક મુકેશ પટેલ સામે ગુન્હો નોંધી તપાસ ચલાવી હતી.

### બાળકી રમત-રમતમાં કાળનો કોળિયો બની

# બાલાસિનોર પેટ્રોલ પંપ કંપાઉન્ડમાં કારે માસૂમ બાળકીને કચડી

**શ્રમજીવી** દંપતી સફાઇ કામ પર ગયું ને પાછળથી આભ તૂટ્યું

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૬

મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલા દેવ ગામના એક પેટ્રોલ પંપના કંપાઉન્ડમાં રમી રહેલી અઢી વર્ષની માસૂમ બાળકી પર એક બેદરકાર કાર ચાલકે પોતાની અર્ટિગા ગાડી ચડાવી દેતાં બાળકીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ ઘટના અંગે બાલાસિનોર તાલુકા પોલીસે ગુન્હો નોંધ્યો છે.

લુણાવાડા તાલુકાના નમનાર ગામના વતની ભરતભાઈ બચુભાઈ હરિજન અને તેમના પત્ની કાજલબેન બાલાસિનોર બસ સ્ટેન્ડ ખાતે સફાઈ કામદાર તરીકે ફરજ બજાવે છે. ગત શુક્રવાર,૧૫ મેના રોજ સવારે આશરે છ વાગ્યે તેઓ પોતાની ૧૬ વર્ષની દીકરી રોશની અને અઢી વર્ષની માસૂમ દીકરી તનુબેનને દેવ ગામ ખાતે આવેલા 'આર્ચી પેટ્રોલ પંપ' પાસે મૂકીને સફાઈ કામ માટે ગયા હતા. ભરતભાઈએ મોટી દીકરી રોશનીને નાની બહેન તનુનું ધ્યાન રાખવાની સૂચના આપી હતી.

સવારે આશરે સાડા આઠ વાગ્યાના સુમારે અઢી વર્ષની માસૂમ તનુબેન પેટ્રોલ પંપની ઓફિસ આગળ આવેલી ખુલ્લી જગ્યામાં રમી રહી હતી. તે દરમિયાન સફેદ કલરની અર્ટિગા ફોર-વ્હીલ કાર નં.જીજે-35-એએ-3551 નો ચાલક ગફલતભરી રીતે પોતાની ગાડી લઇને પેટ્રોલ ભરાવવા માટે લાવ્યો હતો. ચાલકની ઘોર બેદરકારીના કારણે માસૂમ તનુબેન ગાડી નીચે આવી ગઈ હતી. ગભરાયેલી રોશનીએ તુરંત જ પિતાને જાણ કરતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત દીકરીને ૧૦૮ મારફતે બાલાસિનોર સરકારી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા, જ્યાં હાજર તબીબે બાળકી તનુને મૃત જાહેર કરી હતી. જે અંગે મૃતક બાળકીના પિતા ભરતભાઈ હરિજને અકસ્માત કરનાર અર્ટિગા કાર ચાલક સામે ગાડી નંબરના આધારે ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

# ઉમરેઠ નગરમાં થયેલી બે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૬

આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે મિલકત સંબંધી ગુનાઓ અટકાવવાની ઝુંબેશ અંતર્ગત એક મોટી સફળતા મેળવી છે. એલસીબીની ટીમે ઉમરેઠ પોલીસ સ્ટેશનની હદમાં અગાઉ થયેલી બે મોટી ઘરફોડ ચોરીના ગુનાઓ ડિટેક્ટ કરી એક રીઢા તસ્કરને ચોરીના મુદ્દામાલની કબૂલાત સાથે ઝડપી પાડ્યો છે.

આણંદ એલસીબીની ટીમ જિલ્લામાં મિલકત વિરુદ્ધના વણશોધાયેલા ગુનાઓ શોધવા માટે પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના કથોલીયા ગામે રહેતો વિજયભાઈ જેસિંગભાઈ મકવાણા નામનો શખ્સ, જેણે પોતાના સાગરીતો સાથે મળી આશરે એકાદ વર્ષ પહેલાં ઉમરેઠમાં ઘરફોડ ચોરી કરી હતી, તે હાલ લીંગડા ચોકડી રોડ ઉપર આવી રહ્યો છે.

એલસીબીની ટીમે લીંગડા ચોકડી પાસે તુરંત વોચ ગોઠવી વર્ણન મુજબના ઈસમ વિજયભાઈ મકવાણાને ઝડપી પાડ્યો હતો. તેની સઘન પૂછપરછ કરતાં તેણે પોતાના સાગરીતો સાથે મળીને ઉમરેઠ તાલુકા પંચાયત નજીક આવેલી સર્વમંગલ સોસાયટીમાં મકાન નંબર ૨૧ નું તાળું તોડી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી કુલ રૂ. ૪,૬૬,૨૯૦ની મતાની ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી.તેમજ વિઝોલ રોડ ઉપર આવેલી મુખી સોસાયટીમાં રૂ. ૧,૯૭,૦૦૦ની ઘરફોડ ચોરી કરી હતી. સમગ્ર મામલે એલસીબી પોલીસે આરોપી વિજય મકવાણાની અટક કરી કાર્યવાહી હાથ ધરી છે.

### દર વર્ષે સર્જાતી સમસ્યાનું નિરાકરણ લાવવામાં પાલિકા તંત્ર નિષ્ફળ

# સંતરામપુરમાં ગરમી વચ્ચે જળ વિતરણના ધાંધીયાથી ઉગ્ર રોષ

**સંતરામપુરમાં** રોજેરોજ પાણી આપવા ઉગ્ર માગણી ઉઠી

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૬

સંતરામપુર નગરમાં કાળઝાળ ગરમીની શરૂઆત થતાની સાથે જ પાણીની સમસ્યાએ માથું ઊંચક્યું છે. નગરપાલિકા દ્વારા કાર્યરત વોટરવર્ક્સ યોજના હોવા છતાં, નગરજનોને નિયમિત પાણી ન મળતા જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને લોકો 'ત્રાહિમામ' પોકારી ઉઠ્યા છે.

સંતરામપુર નગરમાં ઉનાળાના પ્રારંભે જ જળ સંકટ ઘેરૂ બન્યું છે. નગરપાલિકા દ્વારા નગરમાં વોટરવર્ક્સ યોજના હેઠળ પાણી પૂરું પાડવામાં આવે છે, પરંતુ નગરજનોને આ પાણી નિયમિત રીતે રોજેરોજ મળતું નથી. પાણીના વિતરણમાં રહેલી આ અનિયમિતતાને કારણે સમગ્ર નગરમાં પાણીનો ભારે ત્રાસ ઉભો થયેલો જોવા મળે છે.

સ્થાનિકોમાં ચર્ચાતી વિગતો મુજબ, દર વર્ષે ઉનાળામાં પાણીની ખેંચ ઉભી થાય છે, છતાં પણ આ ગંભીર અને કાયમી મુશ્કેલીનું નિરાકરણ લાવવામાં નગરપાલિકા, વહીવટી તંત્ર કે સરકાર નિષ્ફળ સાબિત થયા છે. તંત્ર દ્વારા કોઈ નક્કર આયોજનના અભાવે સંતરામપુરના નગરજનો દર વર્ષે પાણીના કકળાટનો ભોગ બની રહ્યા છે.

હાલમાં નગરજનોમાં વહીવટી તંત્ર પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે. લોકોની સ્પષ્ટ માંગ છે કે તંત્ર દ્વારા તાકીદે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે જેથી કરીને નગરના તમામ વિસ્તારોમાં સતત અને નિયમિત રીતે રોજેરોજ પાણી મળી રહે. જો આગામી દિવસોમાં પાણીની સમસ્યા હલ નહીં થાય તો લોકરોષ વધુ ઉગ્ર બને તેવી શક્યતા સેવાઈ રહી છે.

સંતરામપુર નગરપાલિકાની ઘોરબેદરકારીથી આ સમસ્યા દર વર્ષે સર્જાય છે, છતાં સ્થિતિ જેમની તેમ રહી છે.

# બાકરોલમાંથી ₹ ૨૯ હજારથી વધુના દાગીનાની ઘરફોડ ચોરી

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૬

આણંદ વિદ્યાનગર બાકરોલ ગામની સિદ્ધિ વિનાયક સોસાયટીમાં ઘરફોડ ચોરીનો એક ચકચારી કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. તસ્કરો સોના-ચાંદીના ઘરેણાં સહિત કુલ રૂ.૨૯,૪૩૧ ના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા છે.

ફરિયાદી દિનેશભાઈ વરદાજી સરગરા (ઉં.વ. ૪૮ ), વતનથી પરત બાકરોલ ખાતે પોતાના ઘરે આવ્યા, ત્યારે ઘરના મુખ્ય દરવાજાની લોખંડની જાળીનો નકુચો તૂટેલી હાલતમાં જોવા મળ્યો હતો. ઘરની અંદર જઈને તપાસ કરતા તમામ ઘરવખરી અને સામાન વેરવિખેર પડ્યો હતો અને બેડરૂમમાં મુકેલી તિજોરીનું લોક પણ તૂટેલું હતું. તસ્કરોએ તિજોરીમાં રાખેલા સોનાની વીંટી સહિત ચાંદીના ઘરેણાં કુલ રૂ.૨૯,૪૩૧ ની મતાની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### મજબૂત ગણાતો ચરોતરનો ગ્રામ્ય મતવિસ્તાર કોંગ્રેસના હાથમાંથી સરકી ગયો

# આણંદ જિલ્લામાં કોંગ્રેસ-આમ આદમી પાર્ટીના ૭૭ ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત

**સ્થાનિક** સ્વરાજ્યમાં આપ પણ જનાધાર મેળવવામાં નિષ્ફળ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૬

આણંદ જિલ્લામાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) માટે ચિંતાજનક પરિણામો આવ્યા છે. આણંદ જિલ્લામાં કોંગ્રેસ અને આપના કુલ ૭૭ ઉમેદવારો પોતાની ડિપોઝિટ બચાવી શક્યા નથી.

ચૂંટણીના આંકડા મુજબ સૌથી વધુ નુકસાન આમ આદમી પાર્ટીને થયું છે. આપના કુલ ૭૦ ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ છે, જ્યારે કોંગ્રેસના ૭ ઉમેદવારોની પણ ડિપોઝિટ જપ્ત થઈ છે. આ ઉપરાંત કેટલાક અપક્ષ ઉમેદવારોની પણ ડિપોઝિટ જપ્ત થઈ છે.

રાજકીય વિશ્લેષકોના મતે કોંગ્રેસ માટે સૌથી ચિંતાજનક બાબત એ છે કે એક સમયનો મજબૂત ગણાતો આણંદ જિલ્લામાં ગ્રામ્ય મતવિસ્તાર હવે કોંગ્રેસના હાથમાંથી સરકી રહ્યો છે. તાલુકા અને જિલ્લા પંચાયત જેવી ગ્રામ્ય કક્ષાની બેઠકો ઉપર પણ કોંગ્રેસના ઉમેદવારો પૂરતા મતો મેળવી શક્યા નથી, જે પક્ષ માટે ગંભીર ચિંતાનો વિષય બન્યો છે. બીજી તરફ આમ આદમી પાર્ટી જિલ્લામાં કોઈ ખાસ પ્રભાવ ઊભો કરી શકી નથી. જોકે આણંદ જિલ્લામાં આમ આદમી પાર્ટી દ્વારા ભાજપ અને કોંગ્રેસ કરતા સૌથી પહેલા ઉમેદવારોની યાદી જાહેર કરાઈ હતી.જોકે અનેક બેઠકો ઉપર ઉમેદવારોને પરાજયનો સામનો કરવો પડ્યો છે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ પક્ષના આગેવાનો હારના કારણો, સંગઠનની નબળાઈ અને ઘટતા જનાધાર અંગે આંતરિક ચર્ચા કરી રહ્યા છે.

### ડિપોઝિટ જપ્ત થયેલા ઉમેદવારો

કરમસદ-આણંદ મહાનગરપાલિકા : આપના ૧૧ ઉમેદવારો
નગરપાલિકા : કોંગ્રેસના ૪ અને આપના ૧૧ ઉમેદવારો
તાલુકા પંચાયત : કોંગ્રેસના ૨ અને આપના ૨૮ ઉમેદવારો
જિલ્લા પંચાયત : કોંગ્રેસના ૧ અને આપના ૨૦ ઉમેદવારો
આ રીતે કુલ મળીને કોંગ્રેસના ૭ અને આપના ૭૦ ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ છે.